# <u>જાહેરાત</u>

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત **મહીસાગર** દ્વારા કાર્યરત **૧૩૧૬** જીલ્લાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને.૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા, જિલ્લા પંચાયત મહીસાગર હસ્તકના ઘટકોના આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે લેવાના થતા માનવબળની વિગત.

(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in )

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા |
|---|---|---|---|
| ૮ | ૧૧ | ૪૫ | ૩૭ |

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના મહેસુલી ગામના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રી દ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકરની માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨[illegible] માં તા.૨૦/૦૯/૨૦૨૬ [રાત્રે ૦૦:૦૦ કલાકે (તા.૨૧/૦૯/૨૦૨૬ થી શરૂ)] થી તા.૧૪/૧૦/૨૦૨૬ રાત્રે-૧૨:૦૦ કલાક સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર અને મીની આંગણવાડી કાર્યકર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧૦૦૦૦/-, આંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા માનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અને આંગણવાડી તેડાગર ની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે મહીસાગર જિલ્લાનાં સંબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

જીલ્લા વિકાસ અધિકારી
મહીસાગર